પ્રેસ પ્રકાશન
ભારતીય રિઝર્વ બેંક
સંચાર વિભાગ, કેન્દ્રિય કાર્યાલય, એસ.બી.એસ માર્ગ, મુંબઈ-400001
વેબસાઇટ : www.rbi.org.in
ફોન : 91 22 2266 0502 / ફેક્સ : 91 22 2266 0358
ઈ-મેઇલ : helpdoc@rbi.org.in

16 નવેમ્બર 2015

## ભારતીય રિઝર્વ બેંક ઈન્સેટ અક્ષર 'L' સાથેની ₹ 1000 ની બેંક નોટ્સ જારી કરશે.

ભારતીય રિઝર્વ બેંક, ટૂંક સમયમાં, મહાત્મા ગાંધી શૃંખલા-2005માં ₹ 1000 મૂલ્યવર્ગની બંને સંખ્યા પેનલોમાં ઈન્સેટ અક્ષર 'L' સાથેની બેંક નોટ્સ જારી કરશે. આ નોટો પર ડૉ. રઘુરામ જી. રાજન, ગવર્નર, ભારતીય રિઝર્વ બેંકના હસ્તાક્ષર હશે અને પૃષ્ઠ ભાગ પર પ્રીન્ટીંગનું વર્ષ '2015' પ્રીન્ટ કરવામાં આવ્યું છે. જારી કરવામાં આવનાર આ બેંક નોટોની ડિઝાઈન બીજી બધી બાબતમાં મહાત્મા ગાંધી શૃંખલા-2005 અંતર્ગત અગાઉ જારી કરવામાં આવેલી ₹ 1000 ની બેંક નોટની સમાન છે, જેમાં વધારાની વિશેષતાઓ જેવી કે સંખ્યા પેનલોમાં વધતા કદના આંકડા, બ્લીડ રેખાઓ તથા અગ્રભાગ પર મોટું ઓળખ ચિહ્ન શામેલ છે. આવી વિશેષતાઓ સાથેની ₹ 1000 ના મૂલ્યવર્ગની બેંકનોટ સૌ પ્રથમ સપ્ટેમ્બર 2015માં જારી કરવામાં આવી હતી.

મૂલ્યવર્ગ ₹ 1000 ની બેંક દ્વારા ભૂતકાળમાં જારી કરવામાં આવેલી બધી જ બેંક નોટ્સ વૈધ મુદ્રા (legal tender) તરીકે ચલણમાં રહેશે.

**પ્રેસ પ્રકાશન : 2015-2016/1158**

**અલ્પના કિલ્લાવાલા**
**પ્રધાન મુખ્ય મહાપ્રબંધક**